ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે અરજી કરવાની મુદ્દત લંબાવવા બાબત.

સંદર્ભ:- જિલ્લા નાયબ નિયામક,વિકસતી જાતિની કચેરીનો પત્ર ક્રમાંક નં.જિ.ના.ની/વિ.જા.ક./પો.મે.શિ./૨૫-૨૬/૫૩૧૩ થી ૫૫૪૩ તા. ૧૮/૧૧/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં જુદી-જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ સહાય યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય કે ઓનલાઇન ફોર્મ સબમીટ કરવાનું બાકી હોય તેમજ કોલેજ/સંસ્થા લોગીનમાં સેન્ડ કરવાના બાકી રહી ગયેલ હોય તેમજ વિદ્યાર્થીથી શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય, તેવા તમામ વિકસતી જાતિના પાત્રતા ધરાવતાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તા.૧૦/૧૧/૨૦૨૫ થી ૧૦/૧૨/૨૦૨૫ સમયગાળા દરમિયાન ડીજીટલ ગુજરાત પોર્ટલ રી-ઓપન કરવામાં આવેલ હોઈ તો આ અંગે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોનાં વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

ખાસ નોંધ: ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

19/11/2025

ડીરેક્ટરશ્રી
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

Bhakta Kavi Narsinh Mehta University
SCHOLARSHIP
Junagadh

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/શિષ્યવૃત્તિ/૮૦૦/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૯/૧૧/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# જિલ્લા નાયબ નિયામક ,વિકસતી જાતિની કચેરી-જુનાગઢ

બહુમાળી ભવન, બ્લોક નં.૧, ત્રીજો માળ, સરદારબાગ, જુનાગઢ

ફોન/ફેકસ (0285)2630587 **E-mail : as-socoffi-jun@gujarat.gov.in**


નં.જિ.ના.ની./વિ.જા.ક./પો.મે.શિ./૨૫-૨૬/૫૩૧૩-૫૫૪૩ તા.૧૮/૧૧/૨૦૨૫

**<u>અગત્યનું /તાત્કાલિક</u>**

પ્રતિ,

આચાર્યશ્રી/ પ્રિન્સીપાલશ્રી,

..............................................................

મુ. ..............................તા. ....................

જિ. જુનાગઢ

<u>વિષય</u> : વર્ષ :-૨૦૨૫-૨૬ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal રી-ઓપન કરવા બાબત

<u>સંદર્ભ</u>: (1) વડી કચેરીનાં પત્ર ક્રમાંક:વિજાક/ક(કશિક્ષણ)/પો.મેટ્રિક/૨૦૨૫- ૨૬/૧૦૨૦ તા.૧૭/૦૭/૨૦૨૫

<u>(2)</u> વડી કચેરીના પત્ર ક્રમાંક: DDCW/0048/11/2025 તા.૧૦-૧૧-૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે વર્ષ:૨૦૨૫-૨૬ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનીવર્સીટીઓ/ આઈ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક શિષ્યવૃતિ મંજૂર કરી ચુકવણું DBT મારફત ચુકવણું કરવાનું થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માટે જુદી-જુદી રાજ્ય સરકાર/ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત વિકાસતી જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ / સહાય મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર સંદર્ભ-૧નાં પત્રથી મુજબ તા. ૧૭/૦૭/૨૦૨૫ થી તા. 30/૦૯/૨૦૨૫ સુધી ઓપન કરવામાં આવેલ હતું.

ઉક્ત સમયગાળા દરમ્યાન પોસ્ટ મેટ્રિક યોજનાઓ અતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ સહાય મેળવવા માટેના ઓનાલાઈન ફોર્મ ભરવાનું ચુકી ગયેલ હોય કે ઓનાલાઈન ફોર્મ સબમીટ કરવાનું રહી ગયેલ હોય તથા જે ઓનલાઈન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીએ શરતચૂકથી ક્લોઝ કરી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિ/સહાય યોજનાનાં લાભથી વંચિત ન રહી જાય તે હેતુસર સંદર્ભ-૨ વાળા પત્રથી મુજબ **<u>તા.૧૦/૧૧/૨૦૨૫</u>** થી

**<u>તા.૧૦/૧૨/૨૦૨૫</u>** સુધી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ/સહાય યોજનાઓ માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ પર રી-ઓપન કરવામાં આવેલ  છે.

અત્રેના જિલ્લાની તમામ શાળા / કોલેજ/ યુનિવર્સીટીએ પોર્ટલ રી-ઓપન અંગેની જાણ બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓને કરવાની રહેશે. તેમજ અત્રેની કચેરીના તા.૧૭/૦૭/૨૦૨૫ ના પત્ર મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

આપનો,

(એ.કે.પરમાર)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ)જુનાગઢ

**બિડાણ:** ઉપર મુજબ

**<u>નકલ સવિનય રવાના:-</u>**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, જુનાગઢ કૃષી યુનિવર્સિટી, જિ.જૂનાગઢ

(૩) કુલ સચિવશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(૪) કુલ સચિવશ્રી, ડૉ. સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ

(૫) કુલ સચિવશ્રી, નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ

(૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.જૂનાગઢ તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.